# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-11-2024** **Evening : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં બિન-રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારોના યુવાનોને રાજકારણમાં જોડાવા હાકલ કરી.
2. શ્રી મોદીએ સાયબર છેતરપિંડીથી વૃદ્ધોને બચાવવા યુવાનોને આગળ આવવા અપીલ કરી.
3. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં સુરત મહાનગરપાલિકાના ૪૫ કરોડ ૨૦ લાખના ખર્ચે ૧૯ પ્રાથમિક શાળાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.
4. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જળસંચય અભિયાનને જનઆંદોલન બનાવવા સુરતના કાપડના વેપારીઓએ આગવી પહેલ શરૂ કરી.
5. દેશવિદેશના 21 લાખથી વધુ પ્રવાસીઓએ વર્ષ 2023-24માં ગુજરાતના ઐતિહાસિક વિરાસત સ્થળોની મુલાકાત લીધી.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં બિન-રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારોના યુવાનોને રાજકારણમાં જોડાવા અપીલ કરી છે.

આજે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું કે એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડાવા માટે દેશમાં વિશેષ અભિયાન ચલાવવામાં આવશે.

(બાઇટ-પીએમ-યુવાનો-મન કી બાત-1)

પ્રધાનમંત્રીએ સમાજ માટે નિઃસ્વાર્થ ભાવે કામ કરતા યુવાનો વિશે વાત કરી. તેમણે ડિજિટલ હયાતી પ્રમાણપત્ર મેળવવા વૃદ્ધોને મદદ કરવા બદલ લખનૌના વીરેન્દ્રની પ્રશંસા કરી. શ્રી મોદીએ કહ્યું કે ડિજિટલ હયાતી પ્રમાણપત્રથી વૃદ્ધોને મોટી સુવિધા મળી છે. તેમણે કહ્યું કે આવા પ્રયાસોને કારણે ડિજિટલ હયાતી પ્રમાણપત્ર મેળવનારા લોકોની સંખ્યા વધીને 80 લાખથી વધુ થઈ ગઈ છે. શ્રી મોદીએ કહ્યું કે અમદાવાદનો રાજીવ લોકોને ડિજિટલ ધરપકડના જોખમ વિશે ચેતવણી આપી રહ્યો છે.

(બાઇટ-પીએમ-ડીજીટલ-મન કી બાત-2)

આજે એનસીસી દિવસ પર, શ્રી મોદીએ કેડેટ તરીકેના તેમના દિવસોને યાદ કર્યા. શ્રી મોદીએ કહ્યું કે NCC યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે. પ્રધાનમંત્રીએ યુવાનોને એનસીસીમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી હતી.

(બાઇટ-પીએમ-એનસીસી-મન કી બાત-3)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે એક વૃક્ષ માતાના નામે અભિયાને માત્ર પાંચ મહિનામાં 100 કરોડ વૃક્ષો વાવવાની મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. શ્રી મોદીએ આ અભિયાનમાં દેશભરના લોકોની ભાગીદારી પર ખુશી વ્યક્ત કરી હતી.

સ્વચ્છતા અંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે સરકારી કચેરીઓમાંથી દાયકાઓ જૂની ફાઈલો અને કચરો દૂર કરવા માટે ખાસ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આ અભિયાનથી સરકારી વિભાગોમાં આશ્ચર્યજનક

પરિણામો આવ્યા છે અને ઘણી જગ્યાઓ પણ ખાલી પડી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતમાં 'કચરાથી કંચન'નો ખ્યાલ ઘણો જૂનો છે.

## C R PATIL - KHATMURAT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના હસ્તે સુરત મહાનગરપાલિકાના ૪૫ કરોડ ૨૦ લાખના ખર્ચે વિવિધ ઝોનમાં આવેલી ૧૯ પ્રાથમિક શાળાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ શાળાઓથી શહેરમાં શૈક્ષણિક પાયાની સુવિધાઓ વધશે. ગુજરાતી અને મરાઠી માધ્યમની શાળાઓનું બાંધકામ કરવામાં આવશે. જેમાં કુલ ૨૮૦ વર્ગ ખંડો નિર્માણ પામશે જેથી ૭ હજાર ૫૭ વિદ્યાર્થીઓ વિવિધ ભાષાઓમાં શિક્ષણનો લાભ મેળવી શકશે. આ પ્રસંગે ધારાસભ્ય સંદીપ દેસાઈ, વિવિધ સમિતિના ચેરમેન, કોર્પોરેટરો, મહાનગર પાલિકાના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

## Water Conservation Campaign - Surat

ટેકસટાઇલ હબ તરીકે ઓળખાતું સુરત હવે જળસંરક્ષણ ક્ષેત્રે આગવું કાર્ય કરી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જળસંચય અભિયાનને નવી દિશા આપવા સુરતના કાપડના વેપારીઓએ તેને જનઆંદોલન બનાવવાનું કાર્ય પણ શરૂ કર્યું છે.

સાંકેત ગૃપના બેનર હેઠળ સુરતના કાપડ બજાર સહિત અન્ય વિસ્તારોમાં આ અંગે બેઠકો યોજાઇ રહી છે. સુરત કાપડ બજારના વેપારીઓના રહેણાંક વિસ્તાર મોડલ ટાઉનમાં એક બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં સાંકેત ગૃપના માર્ગદર્શક સંબર પ્રસાદ બુધિયાએ જળસંચયની પહેલને દેશવ્યાપી ચળવળ બનાવવા અપીલ કરતા કહ્યું હતું કે, જળસંચય માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવો એ માત્ર પર્યાવરણ જાળવણીનો એક ભાગ નથી, પરંતુ સમાજ અને ભાવિ પેઢી માટે આપણી નૈતિક જવાબદારી પણ છે.

સુરત મહાનગર પાલિકાના સ્લમ કમિટિના ચેરમેન વિજય ચૌમલેએ તમામ સોસાયટીઓમાં આ સિસ્ટમ લગાવવા માટે મહાનગરપાલિકા તરફથી શક્ય તમામ સરકારની ખાતરી આપી હતી.

આ બેઠકમાં હાજર રહેલા તમામ વેપારીઓએ ફોર્મ ભરીને બાંહેધરી આપી હતી કે, અમે કાપડ બજારમાં અને સોસાયટીઓમાં વરસાદી પાણીનું સંરક્ષણ કરીશું અને આ અભિયાનને સફળ બનાવવા સાંકેત ગૃપ સહકાર આપશે.b

## Guj tourism

વિશ્વ વિરાસત સપ્તાહ 2024ની ઉજવણી થઇ રહી છે. ત્યારે ગુજરાતની સંસ્કૃતિ અને વારસો વિશ્વ વિખ્યાત છે. વર્ષ 2023-24માં 21 લાખથી વધુ પ્રવાસીઓએ ગુજરાતના ઐતિહાસિક વિરાસત સ્થળોની મુલાકાત લીધી હતી. વિશ્વ વિરાસત સ્થળ ચાંપાનેરની છેલ્લા બે વર્ષમાં 80 હજારથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

પ્રવાસન ઉદ્યોગને વેગવંતો બનાવવા અને પ્રવાસીઓને આકર્ષવા માટે રાજ્ય સરકાર દ્વારા 428 કરોડથી વધુ રૂપિયાના ખર્ચે ગુજરાતના ઐતિહાસિક વિરાસત સ્થળોને વિકસાવવા આવી રહ્યા છે. જેમાં વડનગર અને ધોળાવીરામાં સૌથી વધુ 255 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ પ્રવાસી સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. જ્યારે હાંફેશ્વરમાં પણ અનેક વિકાસકાર્યો ચાલી રહ્યા છે. આ તમામ સ્થળોની સાથેસાથે મોઢેરા, રાણી ની વાવ અને અડાલજની વાવનો પણ સમાવેશ થાય છે.

આ વિરાસત સ્થળો ખાતે રાજય સરકાર રાત્રી પ્રવાસન દ્રષ્ટિકોણ હેઠળ લાઇટ એન્ડ સાઉન્ડ શૉ જેવી આકર્ષક પ્રવૃત્તિઓ પણ શરૂ કરવામાં આવી છે, જે દેશ-વિદેશના પ્રવાસીઓમાં ઘણી લોકપ્રિય બની રહી છે.

## Governor Rajkot

રાજકોટમાં સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા 300 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ થનાર વૃધ્ધાશ્રમના લાભાર્થે મોરારી બાપુની રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે.

કથાના બીજા દિવસે રાજયપાલ આચાર્ય દેવવ્રતે કથાશ્રવણનો લાભ લીધો હતો. આ પ્રસંગે રાજયપાલે ગ્લોબલ વોર્મિંગ સામે સમગ્ર વિશ્વને પર્યાવરણથી બચાવવા વૃક્ષારોપણનો રાહ ચીંધતા સદભાવનાના કાર્યને બિરદાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, વિશ્વગુરૂ તરીકે ભારતે સમગ્ર વિશ્વને આધ્યાત્મિક ચેતનાનો રાહ ચીંધ્યો છે. જેને પૂજય  મોરારીબાપુ જેવા સંતો આગળ વધારી રહ્યાં છે.

આ પ્રસંગે નિર્માણ પામનારા વૃદ્ધાશ્રમના દાતાઓનું રાજયપાલે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

## Marathon run Ahmedabad

સાબરમતી રિવરફ્રન્ટ પર અટલ બ્રિજ ખાતે આજે અદાણી અમદાવાદ મેરેથોન દોડ 2024 યોજાઈ હતી. વહેલી સવારે 5 વાગ્યાથી ફુલ મેરેથોન દોડ શરૂ

થઈ હતી. હાફ તેમજ 5 અને 10 કિલોમીટરની મેરેથોન દોડ પણ યોજાઇ હતી. મેરેથોન દોડમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. મેરાથોન દોડને ભૂતપૂર્વ ભારતીય મહિલા ક્રિકેટ કેપ્ટન મિતાલી રાજ અને એથ્લેટીક એક્ટર શિયામી ખેર દ્વારા ફ્લેગ ઓફ કરાવવામાં આવી હતી.

સાબરમતી રિવરફ્રન્ટ પર અટલ બ્રિજ પાસેથી શરૂ થયેલી કુલ મેરાથોન દોડ રીવર ફ્રન્ટ પર વાડજ થઈ ગાંધી આશ્રમ કાર્ગો મોટર્સથી નવા ટીપી રોડથી રાણીપ ડી માર્ટ અને સુભાષ બ્રિજ થઈ શિલાલેખ અને રિવરફ્રન્ટ પૂર્વ તરફ આંબેડકર બ્રિજ પાસે પૂરી થઈ હતી.

## Homeopathy Health Minister Shri Rishikeshbhai Patel

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અત્યારના આધુનિક યુગમાં નિરામય જીવન જીવવા માટે હોમિયોપેથી જડીબુટ્ટિ સમાન છે.

કાઉન્સિલ ઓફ હોમિયોપેથી સિસ્ટમ ઓફ મેડીસીન ગુજરાત રાજય અને નેશનલ કમિશન ફોર હોમિયોપેથીના સંયુક્ત ઉપક્રમે મહેસાણા દૂધસાગર ડેરી ખાતે રાજયનું પ્રથમ હોમિયોપેથીક ગુજરાત એલાઇટ કાર્યક્રમમાં શ્રી પટેલે કહ્યું હતું કે, હોમિયોપેથીના અમલીકરણ અને ઉપાચરમાં ક્રમશઃ બદલાવ આવી રહ્યો છે. ગુજરાત રાજયમાં કોરોનાને પહોંચી વળવા માટે આયુર્વેદિક અને હોમિયોપેથી ખૂબ ઉપયોગી નિવડી હતી.

સંસદસભ્ય હરિભાઇ પટેલે કહ્યું હતું કે, હઠીલા અને જૂના રોગોને જળમૂળથી દૂર કરવામાં હોમિયોપેથી ઉપચાર પદ્ધતિ શ્રેષ્ઠ છે.

સમગ્ર ગુજરાતમાંથી 1 હજાર 200 જેટલા હોમિયોપેથી ડોકટર તથા વિદ્યાર્થીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.